# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) **અમેરિકામાંથી પરત મોકલાયેલા રાજ્યના 33 લોકોને આજે પંજાબથી અમદાવાદ લવાશે.**
2) **ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું, "રાજ્યમાં આગામી સમયમાં સેમિ-કન્ડક્ટર ક્ષેત્રે મોટા પાયે રોજગારીની તક ઊભી થશે."**
3) **યાત્રાધામ અંબાજી ખાતે 9થી 11 ફેબ્રુઆરી સુધી યોજાનારા શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ માટેની તૈયારીઓ પૂરજોશમાં**
4) **પાટણના ખેલાડીઓએ મહારાષ્ટ્રમાં યોજાયેલી રાષ્ટ્રીયકક્ષાની શટલ કૉક સ્પર્ધામાં 14 સુવર્ણ સહિત 19 ચંદ્રક જીત્યા.**
5) **ઉત્તરાખંડની 38મી નેશનલ ગેમ્સમાં રાજ્યના ખેલાડી આર્યન નેહરાએ એક જ આવૃત્તિમાં સાત ચંદ્રક જીતીને ઈતિહાસ સર્જ્યો.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# IMMIGRANTS AMDAVAD

અમેરિકામાં ગેરકાયદે રહેતા 104 જેટલા ભારતીયોને ગઈકાલે અમેરિકન વિમાનમાં પંજાબના અમૃતસર ખાતે લવાયા હતા. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, અમેરિકાથી પરત મોકલાયેલા આ ભારતીયોમાં રાજ્યના 33 લોકો સામેલ છે. આમાં પણ સૌથી વધુ લોકો ઉત્તર ગુજરાતના અને એક વ્યક્તિ અમદાવાદના થલતેજ વિસ્તારના રહેવાસી હોવાનું જણાયું છે. આ તમામ લોકોને આજે સવારે અમદાવાદ લવાશે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ અમેરિકામાં ગેરકાયદે વસતા વિવિધ દેશનાં લોકોને પરત મોકલવા કાર્યવાહી હાથ ધરાઈ છે. તે અંતર્ગત ભારતમાંથી ગેરકાયદે ગયેલા લોકો પૈકી 104 ભારતીયોને અમેરિકાની વાયુસેનાનું વિશિષ્ટ વિમાન ગઈકાલે સૌપ્રથમ પંજાબના અમૃતસર પહોંચ્યું હતું.

. . . . . . . . . . . . .

# PORBANDAR DABAN

પોરબંદર જિલ્લાના વહીવટી તંત્રએ ખાપટ વિસ્તારમાં 34 ગેરકાયદે બાંધકામ દૂર કરાવ્યા છે. પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, નોટિસ આપ્યા બાદ પણ સરકારી જમીન પર ગેરકાયદે દબાણ દૂર કરાયા નહતા. વહીવટી તંત્રએ ગઈકાલે 7 કલાકમાં 34 બાંધકામ દૂર કરાવી 5 કરોડ 11 લાખ રૂપિયાની કિંમતની 4 હજાર 925 ચોરસ મીટર જમીન ખૂલ્લી કરાવી હતી. આ અંગે જિલ્લાના મામલતદાર ભરત સંચાણિયાએ માહિતી આપી.

(બાઈટઃ ભરત સંચાણિયા, મામતદાર, પોરબંદર)

. . . . . . . . . . . . .

# SEMI CONDUCTOR BALVANTSINH

રાજ્યના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું, "રાજ્યમાં આગામી સમયમાં સેમિ-કન્ડક્ટર ક્ષેત્રે મોટા પાયે રોજગારીની તક ઊભી થશે. હાલમાં રાજ્યમાં આ ક્ષેત્ર સહિત કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. તથા રૉબોટિક્સ જેવા ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી થઈ રહી છે." અમદાવાદ ખાતેથી ગઈકાલે ઉત્તર ભારત બિઝનેસ નેટવર્ક- UBBNનો પ્રારંભ કરાવતા શ્રી રાજપૂતે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી રાજપૂતે ઉમેર્યું, વાઈબ્રન્ટ ગુજરાત સમિટના કારણે રાજ્યની નિકાસ અને ઉત્પાદનમાં વધારો થયો છે. શ્રી રાજપૂતે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સૌને યોગદાન આપવા અનુરોધ પણ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ઉત્તર ભારતીય વિકાસ પરિષદ દ્વારા રાજ્યમાં નિવાસ કરતા ઉત્તર ભારતીય સમાજના લોકોના વ્યાપાર ધંધાના વિકાસ અને વિસ્તારના ઉદ્દેશ સાથે ઉત્તર ભારત બિઝનેસ નેટવર્ક- UBBNનો પ્રારંભ કરાયો છે.

. . . . . . . . . . . . .

# ANAND SARDAR PATEL UNI

આણંદના સરદાર પટેલ વિશ્વવિદ્યાલય ખાતે આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં 67મો પદવીદાન સમારોહ યોજાશે. દરમિયાન આગવી પહેલના ભાગરૂપે 11 જેટલી વિદ્યાશાખાના 16 હજાર જેટલા વિદ્યાર્થીઓને ડિજિલૉકરમાં પદવી પ્રમાણપત્ર અપલોડ કરાશે. આ પ્રસંગે ઉચ્ચ અને તકનિકી શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ તથા શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા ઉપસ્થિતિ રહેશે.

ઉલ્લેખનીય છે કે, આ સમારોહમાં મહાનુભાવોના હસ્તે કુલ 100 જેટલા સુવર્ણચંદ્રક એનાયત કરાશે.

. . . . . . . . . . . . .

# RAJYAPAL NCC

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નવી દિલ્હીની પ્રજાસત્તાક દિવસની પરેડમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરનારા NCC- રાષ્ટ્રીય છાત્રસેના માટે એટ હોમ કાર્યક્રમ યોજ્યો હતો. દરમિયાન શ્રી દેવવ્રતે કહ્યું, “દેશના દરેક યુવાનમાં સૈનિકભાવ પ્રગટે તો આપણું રાષ્ટ્ર વધુ સમર્થ બને. આજે દેશને NCCની વિશેષ જરૂર છે.”

ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાંથી 75 હજાર જેટલા NCC કેડેટ્સમાંથી  રાષ્ટ્રીય પરેડ માટે 124 કેડેટ્સ પસંદ કરાયા હતા. આ યુવાનોને નવી દિલ્હીમાં પરેડ કેમ્પમાં એક મહિનાની તાલીમ અપાઈ હતી.

. . . . . . . . . . . . .

# AMBAJI TAIYARI

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે 9થી 11 ફેબ્રુઆરી સુધી યોજાનારા શક્તિપીઠ પરિક્રમા મહોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ મહોત્સવથી યાત્રાધામ વિકાસ અંતર્ગત શ્રદ્ધાળુઓને એક જ સ્થળે તમામ 51 શક્તિપીઠના દર્શન કરવાનો લાભ મળશે. દરમિયાન જિલ્લાકક્ષાની 20 સમિતિ, 750થી વધુ પોલીસ અને ગૃહરક્ષક દળના જવાન સહિત સ્વચ્છતા માટે 450 સફાઈ કર્મચારીઓ ખડેપગે રહેશે. બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે ગઈકાલે પત્રકાર પરિષદ યોજી આ માહિતી આપી હતી.

(બાઈટઃ મિહિર પટેલ, કલેક્ટર, બનાસકાંઠા)

. . . . . . . . . . . . .

# KHODIYAR MAA

પાટણ જિલ્લાના યાત્રાધામ વરાણા ધામે ખોડિયાર જયંતિની ઉજવણી નિમિત્તે સવારથી જ ભક્તોનું ઘોડાપુર ખોડિયાર માતાજીના દર્શન કરવા માટે ઉમટ્યું હતું. મંદિર ખોડિયાર માતાજીના નાદથી ગુંજતુ રહ્યું...

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

……………………………..

# ARTIFICIAL WELLS

અરવલ્લીના મેઘરજ તાલુકાના શાંતિપુરા કંપાના ખેડૂતો ખેતરમાં કૃત્રિમ તળાવ બનાવીને શિયાળું પાક લઈ રહ્યા છે. ઉનાળામાં પાણીની અછત સર્જાતી હોવાના કારણે કૃત્રિમ તળાવ થકી ખેડૂતો વરસાદી પાણીનો સંગ્રહ કરી રહ્યા છે. આ અંગે ખેડૂત જયેશ પટેલે માહિતી આપી.

(બાઈટ : જયેશભાઈ પટેલ, ખેડૂત)

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી 3 દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થતાં ઠંડીમાંથી રાહત મળવાની સંભાવના હવામાન વિભાગે કરી છે. તેમજ આગામી 7 દિવસ વાતાવરણ શુષ્ક રહેશે. વિભાગે જણાવ્યું કે, છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 10 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું છે.

જ્યારે અમદાવાદ, બનાસકાંઠાના ડીસા, ગાંધીનગરમાં 11 ડિગ્રી, જુનાગઢના કેશોદ અને વડોદરામાં 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે. આ સિવાયના શહેર અને જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન 13 ડિગ્રી અને તેનાથી વધુનું નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# CYBER CRIME

ગીર સોમનાથ જિલ્લા પોલીસ દ્વારા સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સાયબર ગુનાઓ અંગે માહિતી આપવામાં આવી. કાર્યક્રમમાં પોલીસ ઇન્સ્પેક્ટર શ્યામ રાજપૂતે સાયબર ગુના અંગે લોકોને વિસ્તૃત જાણકારી પણ આપી.

. . . . . . . . . . . . .

# KISAN CREDIT CARD

ગીર સોમનાથના વેરાવળ ખાતે કિસાન ક્રેડિટ કાર્ડ કેમ્પ યોજાયો. કેમ્પના માધ્યમથી બેન્કિંગ, મત્સ્યોદ્યોગ સહિત સંલગ્ન વિભાગનાં અધિકારીઓ અને તજજ્ઞોએ સાગર ખેડૂતોને આંતરદેશીય મત્સ્યપાલન, જળચર ઉછેર સહિતના લાભ માટે કિસાન ક્રેડિટ કાર્ડ યોજના અંગે માહિતી આપી હતી. સાથે જ સાગર ખેડૂતોને બેંકના માધ્યમથી મળતી સગવડ, બેન્ક ધિરાણ, જરૂરી વીમો, સહાય માટે અગત્યના દસ્તાવેજ, ધિરાણ સુવિધાના હેતુ અને પ્રકાર, કે.વાય.સી. પ્રક્રિયા સહિતની જાણકારી પણ આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# PATAN GOLD MEDAL

પાટણના ખેલાડીઓએ મહારાષ્ટ્રમાં યોજાયેલી શટલ કૉક નૅશનલ ફેડરેશન કપમાં 14 સુવર્ણ સહિત 19 ચંદ્રક જીત્યા છે. પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, મહારાષ્ટ્રના નાસિકમાં યોજાયેલી સ્પર્ધામાં સિદ્ધપુરની ગોકુલ ગ્લૉબલ યુનિવર્સિટીના ખેલાડીઓએ રાજ્યને પ્રથમ નંબર અપાવ્યો છે.

યુનિવર્સિટીના રમતગમત વિભાગના સહાયક નિદેશક હિમાંશુ સોલંકીની આગેવાની હેઠળ સૌથી વધુ 2 સુવર્ણ ચંદ્રક ખેલાડી તબસ્સુમબેને જીત્યાં હતાં. ઉલ્લેખનીય છે કે , આ સ્પર્ધામાં ગુજરાત પ્રથમ, મહારાષ્ટ્ર બીજા અને બિહાર ત્રીજા ક્રમાંકે રહ્યું છે. સ્પર્ધામાં 12 રાજ્યના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# NATIONAL GAMES GUJARAT MEDAL

ઉત્તરાખંડમાં રમાઈ રહેલી 38મી નેશનલ ગેમ્સમાં ખેલાડી આર્યન નેહરાએ એક જ આવૃત્તિમાં સાત ચંદ્રક જીતીને રાજ્યના રમતગમત ક્ષેત્રમાં ઈતિહાસ સર્જ્યો છે. અત્યાર સુધી ગુજરાતે આ સ્પર્ધામાં એક સુવર્ણ, 3 રજત અને આઠ કાંસ્ય સહિત કુલ 12 ચંદ્રક જીત્યા છે. રાજ્યનાં મુસ્કાન ગુપ્તાએ સાઈકલીંગમાં રાજ્યને એક સુવર્ણ ચંદ્રક અપાવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યની શક્તિદૂત યોજનાના લાભાર્થી આર્યન નેહરાએ 38મી નેશનલ ગેમ્સમાં સ્વિમિંગ રમતની વિવિધ ઈવેન્ટમાં સાત ચંદ્રક જીતી આ સિદ્ધિ મેળવી છે. તેઓ હાલમાં અમેરિકાની યુનિવર્સિટી ઑફ ફ્લૉરિડા ખાતે કોચ એન્થની નેસ્ટીના માર્ગદર્શનમાં આંતર-રાષ્ટ્રીય કક્ષાની તાલીમ મેળવી રહ્યા છે.

ઉત્તરાખંડના દેહરાદૂન, હલ્દવાની, હરિદ્વાર, ટનકપુર, પિથોરાગઢ, અલ્મોડા, તેરી, શિવપુરી ઋષિકેશ, ભીમતાલ ખાતે 38મી નેશનલ ગેમ્સ રમાઈ રહી છે, જેમાં રાજ્યમાંથી 290 ખેલાડીએ ભાગ લીધો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# TAX RECOVERY

પાટણ જિલ્લામાં ગ્રામ પંચાયત ક્ષેત્રે વેરા વસૂલાત ઝુંબેશ અંતર્ગત બાલીસણા ગામમાં એક જ દિવસમાં અઢી લાખ રૂપિયા જેટલી વેરા વસૂલાત કરવામાં આવી હતી. વસૂલાત માટે તાલુકા પંચાયત પાટણના અધિકારીઓ તથા તલાટીઓની ટીમ દ્વારા ઘરે ઘરે જઈ કામગીરી હાથ ધરવામાં આવી. તેમજ ગામમાં વેરો સમયસર ભરાય તે માટે લોકોને જાગૃત કરાયા હતા.

. . . . . . . . . . . . .

# LOCAL BODIES

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત પાટણ જિલ્લાની 3 નગરપાલિકા, તાલુકા અને ગ્રામ પંચાયતની ત્રણ બેઠકની પેટા ચૂંટણી યોજાશે. રાધનપુરમાં 60, હારીજમાં 57 અને ચાણસ્મામાં કુલ 46 ઉમેદવાર મેદાનમાં છે.

ત્રણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી ઉપરાંત સિધ્ધપુર નગરપાલિકાની બે બેઠક માટે તેમજ તાલુકા પંચાયતની સમોડા બેઠક માટે પેટાચૂંટણી યોજાશે. 3 બેઠક માટે ભાજપ અને કોંગ્રેસના 6 ઉમેદવારો મેદાનમાં છે.

. . . . . . . . . . . . .